ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા નગરના જનજીવનમાં રોનક નિખરી

**શહેરમાં સરીતા ઉધાન, બાલોધાન, સે-૧નુ તળાવ સહીતના પીકનીક સ્પોટ પર મુલાકાતીઓની સંખ્યા વધી : લાંબા સમયથી મહામારીની બીજી લહેરથી પ્રભાવિત જનજીવન ધબકતુ થયુ : ઘરમાં પુરાયેલા રહેતા નગરજનો હવે ઉધાનોમાં લટાર મારીને હળવાશ અનુભવે છે**



ગાંધીનગર તા ૪

કોરોનાની બીજી ઘાતક લહેરની અસરથી બચવા માટે નગરજનો લાંબા સમયથી ઘરમાં જ રહેવાનુ પસંદ કરતા હતા. જેના લીધે નગરના જાહેર સ્થળો અને શોપિંગ બજારમાં રજાના દિવસે પણ સન્નાટો જોવા મળતો હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી કોરોનાનું સંક્રમણ કાબુમાં આવતા નગરના શોપિંગ બજારો તેમજ ઉદ્યાનોમાં રોનક જોવા મળે છે. સેકટરોના શોપિંગ બજારમાં પણ ચહલ પહલ વધી છે જયારે લાંબા સમયથી સન્નાટાથી ઘેરાયેલા શહેરના ઉદ્યાનોમાં પણ સહેલાણીઓની સંખ્યા વધી છે. આજે રજાના દિવસે બાલોદ્યાન , સરીતા ઉદ્યાન તેમજ સે-૧ નુ તળાવ સાચા અર્થમાં પીકનીક સ્પોટ બન્યુ હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. કોરોનાના ઘટતા સંક્રમણ વચ્ચે શહેરના જનજીવનમાં પણ નવી ચેતના જાગૃત થઇ છે.

ગાંધીનગરમાં લાંબા સમય બાદ કોરોનાનુ સંક્રમણ ઘટયુ છે. અલબત્ત હવે તો મોટાભાગના દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાતો નથી છેલ્લા ચાર મહીનાથી કોરોનાએ ભરડો લીધો હતો જેના લીધે આમ નાગરિકોમાં પણ ભયની લાગણી વ્યાપી હતી. કોરોનાની બીજીલહેર વધુ ઘાતક પુરવાર થતા શહેરીજનો ઘરની બહાર નિકળતા પણ ડર અનુભવતા હતા. કોરોનાના સંક્રમણથી બચવા માટે એક સમયે શહેરીજનો ઘરમાં પુરાયેલા રહેતા હતા જયારે વેપારીઓએ પણ સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરી દુકાનો બંધ રાખતા હતા. લાંબા સમય બાદ હાલ શહેરના બજારોમાં ચહલ પહલ જોવા મળી રહી છે. શહેર અને જિલ્લામાં હાલની સ્થિતિએ માંડ એકાદ કેસ નોંધાય છે. ત્યારે સ્થાનિકો વેક્સિનેશન માટે પણ પ્રોત્સાહીત થયા છે. કોરોના સંક્રમણની પરિસ્થિતિ કાબુમાં હોવાથી રજાના દિવસોમાં પણ હવે શહેરના જાહેર સ્થળો પર ભીડ જોવા મળી રહી છે. નગરના શોપિંગ બજારોમાં ઘરાકી રહેતા વેપારીઓ પણ રાહત અનુભવી રહ્યા છે. આજે રવિવારની રજા હોવાથી શહેરના બાગ બગીચાઓમાં પણ ખિલખિલાટના દ્રશ્યો જોવા મળ્યા હતા. લાંબા સમય બાદ કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવ્યુ છે. ત્યારે હવે શહેરીજનો પણ થોડા હળવા થઇ મુક્ત રીતે ફરતા જોવા મળે છે. આજે શહેરના બાલોદ્યાન, સરિતા ઉદ્યાન, સે-૧ ના તળાવ સહીતના પીકનીક સ્પોટ પર નગરજનોની ભીડ જોવા મળી હતી. અત્યાર સુધી કોરોનાના સંક્રમણથી વ્યથિત અને પ્રભાવિત નાગરિકો ઘરની બહાર નિકળતા ન હતા. જો કે કોરોનાની બીજી ઘાતક લહેરના અંતે નગરજનોમાં વિશેષ જાગૃતિ આવી છે. શહેરના માર્ગો તેમજ જાહેર સ્થળો પર મોટાભાગના નાગરિકો માસ્ક પહેરીને જ ફરતા નજરે પડે છે. શહેરના બાગ બગીચાઓમાં પણ ભીડ વધતી જાય છે. પરંતુ માસ્ક પહેરવાના મામલે મુલાકાતીઓ પુરતા જાગૃત હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. છેલ્લા ચાર મહીનાથી ઘાતક બનેલા કોરોનાના લીધે શહેરીજનો બેચેની અને અજંપો અનુભવી રહ્યા હતા જયારે હવે કોરોનાની બીજી લહેર પર અંકુશ આવ્યો છે ત્યારે સંભવિત ત્રીજી લહેરના મામલે અત્યાર થી જ નાગરિકો પુરતી સાવચેતી દાખવવાના મુડમાં પણ છે. શહેર જિલ્લામાં કોરોનાના કેસ જીરો થતા શહેરીજનો પણ લટાર મારી હળવા થઇ રહ્યા છે.

# રાજયભરની શાળાઓને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં આવરી લેવાશે

**આ વર્ષે ૬ હજાર પ્રા. શાળા અને આગામી વર્ષમાં નવ હજાર પ્રા. શાળા તેમજ ૫ હજાર સરકારી અને અનુદાનિત માધ્યમિક-ઉ. માધ્યમિક શાળા આવરી લેવાનું આયોજન : ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ**

(પ્રકાશ જહા)

ગાંધીનગર, તા. ૪

ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે ''મિશન સ્કૂલ ઓફ એક્સેલેન્સ''ના મહત્વાકાંક્ષી પ્રોજેકટને અમલી બનાવવા માટે આગળ વધી છે.

વર્ષ-૨૦૨૦-૨૧ના બજેટમાં રાજ્ય સરકાર દ્વારા મિશન સ્કૂલ્સ ઓફ એક્સલેન્સની જાહેરાત કરી હતી. હવે આ મિશન હેઠળ કુલ ૨૦ હજાર શાળાઓને આવરી લેવામાં આવશે. જેમાં ૧૫ હજાર સરકારી પ્રા. શાળાઓ અને ૫ હજાર સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો સમાવેશ થશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે આ કાર્યક્રમ હેઠળ રાજ્યની તમામ દ્વજીયફ અને મોડેલ સ્કૂલ્સને અત્યાધુનિક બનાવવામાં આવશે તથા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે ખાસ નિવાસી શાળાઓની સ્થાપના કરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ હેઠળ ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી તમામ પ્રા. શાળાઓ અને સાથે સાથે રાજ્યના તમામ જિલ્લા, તાલુકા અને કલસ્ટરમાં ઓછામાં ઓછી ૧ શાળાનો સમાવેશ થાય તે રીતે કુલ ૬ હજાર શાળાઓની ઈમર્જિન્ગ સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે પસંદગી કરવામાં આવશે. રાજ્યની કુલ પ્રા. શાળાઓ પૈકી ૨૦ ટકા જેટલી શાળાઓમાં અંદાજે ૫૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

દ્વિતીય તબક્કામાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી વધુ નવ હજાર સરકારી પ્રા. શાળાઓને એસ્પાયરિંગ સ્કૂલ્સ ઓફ એક્સલેન્સ તરીકે પસંદ કરવામાં આવશે. આ નવ હજાર શાળાઓમાં હાલ અંદાજે ૧૭ લાખ જેટલા બાળકો અભ્યાસ કરે છે તેમ પણ આ સૂત્રોએ કહ્યુ છે.

બન્ને તબક્કાઓમાં રાજ્યમાંની ૫ હજાર જેટલી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને પણ મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં આવરી લેવાનું આયોજન છે. જેમાં હાલ રાજ્યના ૧૮ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજ્યની તમામ ૩૩ હજાર શાળાઓની વર્ગખંડની ઘટ આવતા ૩ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પસંદ થયેલ તમામ શાળાઓને ઉત્તમ પ્રકારની

● અનુસંધાન પાન-૭ પર

## મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ ૮ હજાર કરોડનો પ્રોજેક્ટ

**વર્લ્ડ બેંક પાસેથી ફંડિગ મેળવાયુ અને એઆઈઆઈબી સાથેની વાતચીત અંતિમ તબક્કામાં**

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકાર ૮ હજાર કરોડના ખર્ચે તમામ પ્રાથમિક શાળાઓને ''મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ'' હેઠળ આવરી લેશે. આ માટે વર્લ્ડ બેંકે રૂ. ૫૦૦ મિલિયન ડોલરના ફંડિગને મંજૂરી આપી છે અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક સાથે બીજા ૨૫૦ મિલિયન ડોલરનું ફંડિગ મેળવવાની ચર્ચા તેના અંતિમ તબક્કામાં છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વર્લ્ડ બેંક દ્વારા શિક્ષણક્ષેત્રે સમગ્ર ભારતમાં અત્યાર સુધીનું સૌથી મોટુ ફંડિગ આ પ્રોજેકટ માટે કર્યુ છે તથા સમગ્ર વિશ્વમાં એ.આઈ.આઈ.બી. પ્રથમવાર શિક્ષણ ક્ષેત્રમાં પ્રોજેક્ટ ફંડિગ કરી રહી છે.

વર્લ્ડ બેંકે આ પ્રોજેક્ટ્ને ઈફેક્ટિવ જાહેર કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં શાળાકીય શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટેનો સમગ્ર દેશમાં આ પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ છે. આવતા ૬ વર્ષમાં આ પ્રોજેકટના કારણે અંદાજે એક કરોડ કરતાં વધારે વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે એટલુ જ નહિ આવનારી પેઢી માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે મદદરૂપ બનશે.

મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ એ રાષ્ટ્રીયકક્ષાએ આ પ્રકારનો મોટા પાયે શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે હાથ ધરવામાં આવેલ દેશનો સર્વપ્રથમ પ્રોજેક્ટ છે.

# શહેરમાં જગન્નાથજીની રથયાત્રા નિકળશે

**પરિસ્થિતિને ધ્યાનમાં રાખી રથયાત્રાના નવા રૂટ અને આયોજન અંગે આજે રથયાત્રા સમિતિ જાહેરાત કરશે : રથયાત્રા એક મંદિરથી બીજા મંદિર થઇને નિજ મંદિર પરત આવે તે મુજબનો રૂટ પણ વિચારણા હેઠળ :આજે રથયાત્રા સમિતિની બે બેઠકો યોજાઇ**

ગાંધીનગર તા ૪

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષી રથયાત્રા સમિતિની આજે બે બેઠક મળી હતી. રથયાત્રાના આયોજન અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. બીજીતરફ પોલીસ તંત્ર સાથે પણ સમિતિના હોદેદારોની બેઠક થાય છે.

ગાંધીનગરમાં રથયાત્રા નિકળશે પરંતુ તેનો રૂટ હજુ નક્કી નથી કરાયો જો કે પંચદેવ મંદિર પરિસરથી રથયાત્રા નજીકના સેન્ટર પરથી નિજમંદિર પરત આવે અગર મોસાળા સુધી રથયાત્રાનુ આયોજન થાય તે અંગે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. સોમવારે રથયાત્રા સમિતિના હોદેદારો રથયાત્રાના આયોજન અંગે વિસ્તૃત જાણકારી આપશે.

ભગવાન જગ્નનાથજીની રથયાત્રાનુ પવિત્ર પર્વ નજીકમાં છે. કોરોના કાળમાં ગત વર્ષે રથયાત્રા મહોત્સવનુ આયોજન થઇ શકયુ ન હતુ. જેના લીધે મંદિર પરિસર સુધી જ રથયાત્રા સમિતિ રહી હતી. આ વર્ષે કોરોનાની બીજીલહેરના અંતે હાલ સંક્રમણ કાબુ હેઠળ છે. ત્યારે રથયાત્રાના આયોજનને અનુલક્ષી ભાવિકો પણ ઉત્સુક છે. બીજીતરફ રથયાત્રા મહોત્સવના આયોજન અંગે રથયાત્રા સમિતિમાં પણ સતત બેઠકનો દૌર ચાલી રહ્યો છે. આજે પણ રથયાત્રા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જો કે રથયાત્રા સમિતિ કક્ષાએથી આવતીકાલે યાત્રાના આયોજન અંગે આખરી નિર્ણય જાહેર કરવામાં આવશે. પરંતુ સમિતિની બેઠકના અંતે પ્રાથમિક વિચારણા બાદ હજુ સુધી રથયાત્રાના રૂટ અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ કોઈપણ એક ધાર્મિક સ્થળને આવરી લઈ એ મુજબના રૂટમાં યાત્રાનુ આયોજન કરવા માટે પણ સમિતિએ મન બનાવી લીધુ છે. જયારે રથયાત્રામાં વિશેષ ટેબલો કે વધુ વાહનો પણ જોડાશે નહીં. ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકળશે પરંતુ હજુ કયા રૂટ પરથી પસાર થવાની છે તે વાત સ્પષ્ટ થઈ નથી. રવિવારે રાત્રે પણ આ મામલે સમિતિની બેઠક યોજવામાં આવી હતી રથયાત્રાના આયોજન અંગે પોલીસ અને સમિતિના હોદેદારો વચ્ચે પણ સતત બેઠકો યોજાઈ રહી છે. ત્યારે રથયાત્રાના આયોજન અને રૂટ અંગે પણ સોમવારે સ્પષ્ટતા થઈ જશે.

# રેકર્ડ વર્ગીકરણ કરો; સ્વચ્છતા જાળવો; પાર્કિંગની વ્યવસ્થાને સુધારવા ડી.ડી.ઓ.ની તાકીદ

**પંચાયત કચેરીને અડીને જ સર્વિસ રોડ બની રહ્યો હોવાથી પાર્કિંગની સમસ્યા ઘેરી બની છે. હવે સર્વિસ રોડ પર જ કર્મયોગીઓને પાર્કિંગ કરવાની નોબત આવી છે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારીએ તમામ શાખાઓને રેકર્ડ વર્ગીકરણ કરી અને ૧૪મી સુધીમાં ઓફિસને સ્વચ્છ બનાવવાની સૂચનાઓ આપી છે.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભી ગૌત્તમે જિલ્લા પંચાયતનો ચાર્જ સંભાળ્યા બાદ તુરત જ રેકર્ડ વર્ગીકરણ કરવાની આપેલી સૂચનાને લઈ તંત્રને એકદમ ચેતનવંતુ કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

મળતી વિગતો મુજબ રજાના દિવસોમાં તેમણે ઓફિસ કેમ્પસની વિઝીટ લીધી હતી અને ગંદકીના થર જામેલા જોઈ તેમણે ૧૪મી સુધીમાં ઓફિસોમાં સફાઈ તેમજ રેકર્ડ વર્ગીકરણ કરી અહેવાલ આપવા જણાવ્યુ છે.

મળતી વિગતો મુજબ પંચાયત કર્મચારી મંડળે પણ ઓફિસની સ્વચ્છતા તેમજ પાર્કિંગની સમસ્યાને લઈ રજૂઆત કરી હતી. આ પછી જિલ્લા વિકાસ અધિકારીએ સ્વચ્છતા અભિયાનને લઈ ગંભીરતા દાખવી છે. તેમણે દરેક મજલા પર આવેલા યુનિનલ્સની સફાઈ કરવા તેમજ દરેક મજલે નિયમિત સફાઈ થાય તે માટેની કડક સૂચનાઓ આપી છે. દરેક મજલા પર સ્વચ્છતા માટે તેમણે નોડલ અધિકારીની પણ નિમણુંક કરવાની કાર્યવાહી હાથ ધરી છે અને નોડલ અધિકારીને રોજેરોજ આ કામગીરી અંગેનો અહેવાલ આપવા જણાવ્યુ છે.

પંચાયતના પાર્કિંગની વ્યવસ્થામાં સુધારો કરવા તેમણે માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને બોલાવી પેવર બ્લોક ખુલ્લી જગ્યા પર લગાવી જરૂર પડ્યે શેડ બનાવી પાર્કિંગ બિલ્ડીંગમાં થાય તે જોવા તેમજ પાર્કિંગની વ્યવસ્થાનું વ્યવસ્થિત મોનીટરીંગ થાય તે માટે સૂચનાઓ આપી છે.

પંચાયત કચેરીને અડીને જ સર્વિસ રોડ બની રહ્યો હોવાથી પાર્કિંગની સમસ્યા ઘેરી બની છે. હવે સર્વિસ રોડ પર જ કર્મયોગીઓને પાર્કિંગ કરવાની નોબત આવી છે.

જિલ્લા વિકાસ અધિકારીની સૂચના પછી માર્ગ-મકાન વિભાગ પણ હરકતમાં આવ્યુ છે અને પેવર-બ્લોક તેમજ શેડ માટેના નકશા-અંદાજો તૈયાર કરી આગળની કાર્યવાહી હાથ ધરવા માટે મંજૂરી માંગી છે.

જિલ્લામાં રેકર્ડ-વર્ગીકરણની કામગીરી પણ પાંચ વર્ષ બાદ હાથ ધરવામાં આવી રહી છે તેથી ઘણા બધા પોટલાઓ જે અભેરાઈઓ પર ચડી ગયા છે તેમાંથી ઘણા બધાનો નિકાલ થશે. પંચાયતમાં હાલ સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરાયુ છે. રેકર્ડ વર્ગીકરણ બાદ રેકર્ડરૂમનું પણ નવીનીકરણ હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

## શહેરમાં ૩,૦૫,૩૩૫ અને ગ્રામ્યમાં ૫,૦૦,૬૫૯નું વેક્સિનેશન થયું

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સિનેશન હેઠળ ૩ લાખથી વધુ લોકોને આવરી લેવાયા છે. શહેરમાં અત્યાર સુધીમાં ૮૫ ટકા લોકોને આવરી લઈ તંત્રએ આગવી સિદ્ધિ મેળવી છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં આજ સુધીમાં ૩,૦૫,૩૩૫ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૨,૪૧,૯૮૪ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો છે જ્યારે ૬૩,૩૫૧ લોકોને વેક્સિનનો બીજો ડોઝ અત્યાર સુધીમાં આપી દેવાયો છે.



શહેરમાં અત્યાર સુધીમાં ૧,૭૪,૫૫૦ પુરૂષો અને ૧,૩૦,૭૨૭ મહિલાઓને વેક્સિન આપવામાં આવી છે. શહેરમાં ૨,૬૯,૨૩૧ લોકોએ કોવિશિલ્ડ વેક્સિન લીધી છે જ્યારે ૩૬,૧૦૪ લોકોએ કોવિક્સન વેક્સિન લીધી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૮ થી ૪૪ વયજૂથમાં ૧,૮૯,૦૭૦ યુવાઓએ વેક્સિન લઈ લીધી છે. ૬૦+ ના વયજૂથમાં ૪૭,૭૭૦ લોકોએ વેક્સિન લીધી છે. ૪૫ થી ૬૦ વયજૂથમાં ૬૮,૪૯૫ લોકોએ વેક્સિન લીધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫,૦૦,૬૫૯ લોકોને વેક્સિન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૩,૯૨,૪૦૮ લોકોને પ્રથમ ડોઝ અને ૧,૦૮,૨૫૧ લોકોને બન્ને ડોઝ વેક્સિનના આપી દેવામાં આવ્યા છે.

# વરસાદ ખેંચાતા શહેરમાં અસહ્ય ગરમીનો અહેસાસ

**જૂન માસમાં પ્રારંભિક સારા વરસાદ બાદ છેલ્લા ઘણા દિવસોથી વરસાદના કોઈ એંધાણ દેખાતા નથી. વાદળોની અવરજવર વચ્ચે બફારો અને અસહ્ય ગરમી**

ગાંધીનગર, તા. ૪

જૂન મહિનામાં ચાર-પાંચ દિવસ સળંગ વરસાદી ઝાંપટા પડતા એવુ લાગતુ હતુ કે હવે ગરમીથી છૂટકારો મળશે અને ઠંડક સતત અનુભવાશે પરંતુ આ આશા ઠગારી નીવડી હતી. પહેલા વરસાદ બાદ વાદળો ગાયબ થઈ જતાં ફરી પાછી ગરમી શરૂ થઈ ચૂકી છે. ગરમીની સાથે જ બફારો અનુભવાતા વસાહતીઓ અકળાઈ ઉઠ્યા છે.

આ વર્ષે વરસાદ વહેલો શરૂ થયો. તાઉતે વાવાઝોડા બાદ સર્જાયેલી ભેજની પરિસ્થિતિના કારણે વરસાદની ગતિવિધિ તેજ બની. જૂન માસમાં શહેરમાં સારો એવો વરસાદ પડ્યો સતત પાંચ-છ દિવસ સુધી વરસાદી વાદળો ઘેરાયા હતા અને ઝાપટા પડતા રહ્યા. જેના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ. વાતાવરણમાં છવાયેલી ઠંડકના કારણે શહેર હીલ સ્ટેશનમાં ફેરવાઈ ગયુ હતુ.

જો કે છેલ્લા એક અઠવાડિયાથી પુનઃ ગરમી અને અસહ્ય બફારો અનુભવાઈ રહ્યો છે. વાદળોની અવરજવર રહે છે પરંતુ વરસાદ પડે તેવા ઘેરા વાદળો દેખાતા નથી. ક્યારેક પવન ફૂંકાય છે પરંતુ વરસાદ આવતો નથી. વરસાદના અભાવે વસાહતીઓ ગરમી અને બફારામાં ત્રસ્ત બન્યા છે. ઘરની બહાર નીકળો તો બફારાથી ત્રાસી જવાય છે.

હવામાન વિભાગે કહ્યુ છે કે હજુ ગુજરાતમાં વરસાદ લાવે તેવી કોઈ સિસ્ટમ કાર્યરત નથી. છેક ૭મી જુલાઈ પછી વરસાદ આવી શકે છે. વરસાદ ખેંચાતા ગરમી વધી છે સાથે જ ખેડૂતોની ચિંતા પણ વધી છે. વાદળોની અવર-જવર વચ્ચે ક્યાંક ક્યાંક ઝાંપટા પડી શકે છે પરંતુ અનરાધાર વરસાદના કોઈ સંજોગો હાલમાં દેખાતા નથી.

## શહેરમાં કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના આજે પણ '૦' રહેવા પામ્યો છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામેથી ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

**ફ્લેટ વેચવાનો છે**
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, 1BHK, MIG, ગ્રાઉન્ડ ફ્લોર, ગેસ લાઈન, ફુલ ફર્નિચર, રીનોવેશન કરેલ.
૩૨ લાખ - શૈલેષભાઈ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**TV રીપેરીંગ**
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

**ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત**
(A State Public University establishshed by Government of Gujarat)
**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન**
આઈ.આઈ.ટી.ઈ. ખાતે મલ્ટીટાસ્કિંગ સ્ટાફ (ડ્રાયવર, પટાવાળા, મેઈનટેનન્સ) માટે હંગામી/કરાર આધારિત નિયુક્તિ કરવાની છે. જે માટે તા. ૦૫.૦૭.૨૦૨૧ થી તા. ૦૯.૦૭.૨૦૨૧ સુધીમાં આઈઆઈટીઈ ખાતે પોતાની વિગત જરૂરી દસ્તાવેજ સાથે પહોચડવાની રહેશે. જગ્યાઓ અંગેની વિસ્તૃત માહિતી સંસ્થાના નોટિસબોર્ડ પર અને વેબસાઈટ www.iite.ac.in પર મૂકવામાં આવેલ છે.
તા.૦૩-૦૭-૨૦૨૧ રજીસ્ટ્રાર, આઈ.આઈ.ટી.ઈ.

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com